# મોડાસાની હરિઓમનગર સોસોયટીમાં ભર શિયાળે પાણીનો પોકાર

## મહિલાઓએ માટલા ફોડી “હાયરે સરપંચ હાય..હાય”ના નારા લગાવ્યા

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેરની અને સાયરા ગ્રામપંચાયતમાં સમાવિષ્ઠ હરિઓમનગર સોસાયટીમાં ભર શિયાળે પાણીનો પોકાર સર્જાયો છે. પીવાના પાણી માટે મહિલાઓને આમતેમ ભટકવું પડે છે. સાયરા ગ્રામ પંચાયત દ્વારા સોસાયટીના રહીશોને નજીકમાં આવેલા ગ્રામપંચાયતના બોર કુવામાંથી પાણી આપવામાં આવે છે. પણ યાંત્રિક સમસ્યાને લઈને હાલ અહીં પાણી માટે લોકોને વલખા પડી રહ્યાં છે. વારંવાર સાયરા ગ્રામ પંચાયતમાં રજુઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ નહિ આવતા સોસાયટીના પ્રવેશદ્વારે સોસાયટીના રહીશોએ અને મહિલાઓએ માટલા ફોડી તથા હાયરે... સરપંચ... હાય.... હાયના નારા લગાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.



ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જાહેર કર્યું છે કે ગુજરાતના દરેક ઘરે નળ દ્વારા પીવાનું પાણી ૩ વર્ષમાં એટલે કે ૨૦૨૨ સુધીમાં પહોંચતું કરવામાં આવશેની જાહેરાત કરવામાં આવી છે. બીજીબાજુ ગુજરાતના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાઓ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. મોડાસાની હરિઓમ નગર સોસાયટીમાં ભર શિયાળે પાણીનો પોકાર સર્જાયો છે. ગામની પાણીની સમસ્યા અંગે અનેક રજૂઆત કરવામાં આવી છે. છતાં પરિસ્થિતી ઠેરની ઠેર છે. ત્યારે અહીંની પાણીની સમસ્યા જલ્દીથી દૂર થાય તેવી સ્થાનિકોની માંગ છે.

સોસાયટીના રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી પીવાના અને રોજિંદા વપરાશનું પાણી પુરૂ પાડવામાં સાયરા ગ્રામપંચાયતના સત્તાધીશો તદ્દન નિષ્ફળ રહેતા મહિલાઓએ પાણી માટે આમતેમ ભટકવું પડી રહ્યું છે. સોસાયટીના રહીશોએ રોજિંદા વપરાશ માટેનું પાણી નાણાં ખર્ચી મેળવવા મજબુર બનતા સાયરા ગ્રામ પંચાયતના અંધેર વહીવટ સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. સોસાયટીના રહીશોના જણાવ્યા અનુસાર તેમની સમસ્યાનું સમાધાન નહિ થાય તો આગામી સમયે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ધનસુરામાં તસ્કરોના આતંકથી વેપારીઓ અને ગ્રામજનોનો દ્વારા ચક્કાજામ કરાયો

અરવલ્લી જીલ્લામાં તસ્કરોનો ત્રાસ યથાવત છે. જાહેર







જનતા પોતાના પરસેવાની કમાણી સાચવવામાં જરાક બેદરકાર બને કે તુરંત આ તસ્કરો મોકાનો લાભ લઈ લેતા હોય છે. ધનસુરાના જવાહર બજારમાં આવેલી સન્ની ઈલેક્ટ્રોનિક નામની દુકાનમાં માલસામાનની ચોરીની ઘટના બનતા ગામમાં છાસવારે ચોરી થતા વેપારીવર્ગ અને ગ્રામજનોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. ધનસુરા ચાર રસ્તા પર વેપારીઓએ રોડ પર બેસી પોલીસતંત્રની નિષ્ફળ કામગીરી સામે વિરોધ નોંધાવી ચક્કાજામ કરતા સતત વાહનોથી ધમધમતા મોડાસા-અમદાવાદ અને મોડાસા-કપડવંજ હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ધનસુરા પોલીસે હૈયાધારણા આપી ચક્કાજામ દૂર કરી ટ્રાફિક પૂર્વરત કરાવ્યો હતો.

ધનસુરાના જવાહર બજારમાં આવેલી સન્ની ઈલેક્ટ્રોનિક નામની દુકાનમાં ચોર-લૂંટારૂ ગેંગ ત્રાટકી રાત્રીના સુમારે દુકાનના ઉપરના ભાગેથી પતરૂ કાપી દુકાનમાં ઉતરી દુકાનમાંથી રૂ. ૯૧૪૦૦ના મુદ્દામાલની લૂંટ કરી કરી રફુચક્કર થતા સોમવારે દુકાને પહોંચેલા માલિકે દુકાનનું પતરૂ કાપેલું અને શોરૂમમાંથી ઈલેક્ટ્રોનિક માલસામાનની ચોરી થતા હોફળા-ફાંફળા બન્યા હતા. આજુબાજુમાંથી વેપારીઓ પણ દોડી આવ્યા હતા. ચોરીની ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી અલ્પેશભાઈ શાહની ફરિયાદના આધારે અજાણ્યા ચોર-ઈસમો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા ગામમાં તસ્કરો દુકાન, શોરૂમ અને રહેણાંક વિસ્તારમાં છાસવારે ચોરી-લૂંટની ઘટનામાં સતત નોંધપાત્ર વધારો થતા વેપારીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ધનસુરામાં નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે બજારમાં પોલીસ પોઈન્ટ ફાળવવામાં આવે અને ચોર-લૂંટારૂ ગેંગને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવેની માંગ પ્રબળ બની છે.

# નામદાર હાઈકોર્ટના આદેશથી જુના ડીસાના હાઈવે રોડ પરના દબાણો હટાવાયા

## ઢુવા રોડ ઉપરની દુકાનો ઉપર તંત્ર દ્વારા જેસીબી ફેરવી દેવાયું

ડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામે હાઈવે ઉપર આખરે પોલીસ



બંદોબસ્ત સાથે ત્રાટકેલા તંત્રે નામદાર હાઈકોર્ટના આદેશથી બિનધિકૃત વિવાદાસ્પદ દબાણો ઉપર જેસીબી ફેરવી દીધું હતું. તંત્રની કાર્યવાહીના પગલે ગામમાં ઉત્તેજનાનો માહોલ છવાયો છે.

જુનાડીસા ગામે વિકાસની હરણફાળ ભરતા હાઈવે વિસ્તારમાં દબાણની બદીએ માઝા મૂકી છે તેમાં પણ શ્રી સરકાર હસ્તકની સર્વે નં. ૧૧૫૩ પૈકીની કરોડો રૂપિયાની જમીન પણ દબાણમાં ગરકાવ થઈ ગઈ છે જેમાં કાચી પાકી દુકાનો સહિત કોમ્પ્લેક્સ પણ ઉભા થઈ ગયા છે જેના કારણે હાઈવે રોડ પણ સાંકડો બની ગયો છે. જે બિનધિકૃત દબાણો હટાવવા જાગૃત ગામલોકોની ૨૫૭ અરજીઓ ઉચ્ચ સ્તરે થવા પામી હતી. તેમાં પણ ગામના કલ્પેશકુમાર હરગોવનભાઈ સુથારે પોતાના દાદાને સને ૧૯૮૩ માં પંચાયતે ઔધોગિક હેતુ માટે આપેલ ૧૫૦ ટ ૧૦૦ ચો. ફૂટ જમીન ઉપર દબાણને લઈ બે વખત છેક નામદાર હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા જેમાં તેમણે સ્થાનિક ગ્રામ પંચાયત આકારણી આપી દબાણદારોને છાવરતી હોવાના ગંભીર આક્ષેપો કરી તલાટી, ટી. ડી. ઓ., મામલતદાર અને પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા હતા. જેને ગંભીરતાથી લઈ ગત ૮ જાન્યુઆરીએ નામદાર હાઈકોર્ટના વિદ્વાન જજે જિલ્લા કલેકટરને સરકારી જમીન



ઉપરના તમામ દબાણો ૨૧ દિવસમાં હટાવી લેવા અન્યથા કન્ટેમ દાખલ કરવાનો આદેશ કર્યો હતો. જેને લઈ કલેકટરની સૂચનાથી ડીસાના ના.કલેકટરે દબાણો દૂર કરવાની હિલચાલ હાથ ધરી હતી જેથી ગામમાં ઉહાપોહ છવાયો હતો અને દબાણદારો સ્વેચ્છાએ દબાણો દૂર કરવા લાગ્યા હતા.

આખરે આગોતરી જાણ મુજબ સોમવારે પોલીસ બંદોબસ્ત હેઠળ ત્રાટકેલા વહીવટી તંત્રે પ્રથમ તબક્કામાં ઢુવા રોડ ઉપરના દબાણો ઉપર જેસીબી ફેરવી દુકાનોનું દબાણ દૂર કરી સરકારી જમીન ખુલ્લી કરાવી હતી. દબાણ હટાવવાની કામગીરીને લઈ લોકોના ટોળેટોળા હાઈવે ઉપર ઉમટી પડ્યા હતા.જેને લઈ ઉત્તેજનાનો માહોલ છવાયો હતો. જો કે દબાણો હટતા ‘કહી ખુશી કહી ગમ‘ ના દ્રશ્યો વચ્ચે અવનવા તર્ક વિતર્કો વહેતા થતા આ મુદ્દો ‘ટોક ઓફ ધી ટાઉન‘ બની ગયો હતો.

## જન્મદિને વધામણી



કમલેશ ટી. ખનાયત
મો. ૯૭૨૩૪ ૯૬૧૪૮



દિલીપભાઈ જી બારોટ
મો.૭૮૦૨૮૧૪૮૬૬



અમૃતલાલ સી કાપડીયા
મો. ૯૮૨૫૬ ૮૭૭૧૩

## ડીસાના મંગલપાર્કમાં રોકડ અને દાગીનાની ચોરી

ડીસામાં છેલ્લા ઘણા સમય થી ચોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે ઠંડીમાં તસ્કરો એક પછી એક ચોરીની ઘટનાને અંજામ આપી પોલીસને હાથતાળી આપી રહ્યા છે.

રવિવારે રાત્રે મંગળ પાર્કમાં રહેતા અરવિંદભાઈ બારોટ રવિવારે સામાજિક પ્રસંગે બહાર ગયા હતા તે દરમિયાન તસ્કરો તેમના બંધ મકાનને નિશાન બનાવી તાળું તોડી તિજોરીમાં પડેલા ૩૭૦૦૦ ની રોકડ અને એક સોનાની ચેન , બે સોનાની બુટી અને ચાંદીની ઝાંઝર સહિતના મુદામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.





ભરૂચ જિલ્લાના વાગરા ખાતે ૭૧માં પ્રજાસત્તાક દિને કલેક્ટર ડૉ. એમ. ડી. મોડીયાએ તિરંગો લહેરાવ્યો હતો. ત્યારબાદ મોડીયા દ્વારા પરેડનું નિરીક્ષણ કરાયું હતું તે પ્રસંગની તસવીર.

### સંબોધન કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે. આ દિશામાં છેલ્લા બે દાયકા દરમિયાન બે વૈશ્વિક બટાટા સંમેલનનું ૧૯૯૯ અને ૨૦૦૮માં આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન તમામ હિતધારકોને એક મંચ પર લાવવાની તક પૂરી પાડશે જેથી કરીને બટાટા ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રત્યેક લોકોને સામેલ કરીને તમામ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવે અને ભવિષ્યની યોજના ઘડવામાં આવે. દેશના વિભિન્ન હિતધારકોને બટાટા સંશોધન ક્ષેત્રનું જ્ઞાન અને નવીનતા સાથે પરિચિત કરાવવા માટે આ એક અનોખો કાર્યક્રમ રહેશે.

ગુજરાત દેશમાં બટાટાનું ઉત્પાદન કરનારા અગ્રણી ઉત્પાદકો પૈકીનું એક છે. છેલ્લા અગિયાર વર્ષ દરમિયાન, ભારતમાં બટાટાનું ઉત્પાદન કરનારના વિસ્તારમાં ૧૯ ટકાનો વધારો થયો છે, ત્યારે ગુજરાતમાં ૧૭૦ ટકા વધારો જોવા મળ્યો છે (૨૦૦૬-૦માં ૪૯.૭ હજાર હેક્ટરથી માંડીને ૨૦૧૭-૧૮માં ૧૩૩ હજાર હેક્ટર) પ્રતિ હેક્ટર ૩૦ ટનથી વધારાની ઉત્પાદકતા સાથે ગુજરાત બટાટાના ઉત્પાદન ક્ષેત્રે છેલ્લા એક દાયકામાં ભારતમાં પહેલાં નંબર પર છે. રાજયમાં ખેતી માટે કૃષિ જગતની આધુનિક રીતો જેવી કે, ફુવારા અને ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરે છે. સાથે જ રાજ્યમાં શ્રેષ્ઠ કોલ્ડ સ્ટોરેજ અને લિંકેજની સુવિધાઓ છે તેથી તે દેશમાં બટાટા પ્રસંસ્કરણ ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર પણ છે. ઉપરાંત બટાટાના મોટાભાગના નિકાસકારો ગુજરાતમાં સ્થિત છે. આ બાબતોને લીધે ગુજરાત દેશમાં બટાટાના મોટા કેન્દ્ર તરીકે ઉભર્યું છે.

### સમજૂતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આસામ અને બોડોના લોકોના સવર્ણ યુગની શરૂઆત થશે. અમિત શાહે ખાતરી આપતા કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર બોડો લોકોથી કરેલા વચનને પૂર્ણ કરી રહી છે. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, આ સમજૂતિ બાદ હવે કોઈ અલગ રાજ્ય બનાવવામાં આવશે નહીં. આશરે ૫૦ વર્ષથી પહેલાનો આ મામલો છે. બોડો વિસ્તારમાં અલગ રાજ્ય બનાવવાને લઈને વિરોધ પ્રદર્શનનો દોર ચાલી રહ્યો હતો. આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ એનડીએફબી દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારે ગેરકાનૂની ગતિવિધિ કાનૂન ૧૯૬૭ હેઠળ એનડીએફબીને ગેરકાનૂની જાહેર કરીને પગલા લીધા હતા. બોડો બળવાખોરો ઉપર હિંસા, બળજબરીપૂર્વક નાણાં એકત્રિત કરવા અને હત્યાના આરોપ છે. આ હિંસામાં ૨૮૨૩ જેટલાના મોત થઈ ચુક્યા છે. હવે આ સમજૂતિ થયા બાદ આસામમાં શાંતિ સ્થાપિત થવાનો માર્ગ મોકળો થશે. આ સમજૂતિનો ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમ ગઈકાલે પણ કર્યો હતો. આ સમજૂતિ થયા બાદ બોડો હિંસાનો અંત આવી શકે છે. સાથે સાથે મોટી સંખ્યામાં હિંસા ઉપર ઉતરેલા બળવાખોરો મુખ્ય પ્રવાહમાં સામેલ થશે.

### શાહીનબાગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આ કાનુન કોઈની નાગરિકતા આચકી લેવા સાથે સંબંધિત નથી. બલકે નાગરિકોને નાગરિકતા આપવા સાથે સંબંધિત છે. ભારતમાં રહેતા હિન્દુ અને મુસ્લિમ સાથે આ કાનુનને લઈને કોઈ પણ દુવિધા નથી. ભારતમાં રહેતા હિન્દુ અને મુસ્લિમ મટે આ કાનુન નથી. માત્ર પાકિસ્તાન અને બાંગ્લાદેશ તેમજ અફઘાનિસ્તાનમાં અત્યાચારનો શિકાર થયેલા ચોક્કસ વર્ગના લોકોને ભારતની નાગરિકતા આપવા સાથે સંબંધિત આ કાનુન છે. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, વારંવાર કહેવામાં આવી રહ્યું છે કે, આ દેશમાં રહેતા મુસ્લિમો શાંતિપૂર્ણ રીતે અને સન્માન સાથે રહી શકે છે પરંતુ બિનજરૂરી રીતે હોબાળો કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું છે કે, જેને લઈને લોકો વાંધો ઉઠાવી રહ્યા છે. તેને લઈને કોઈ પણ વાત કરવામાં આવી નથી. વાંધો કઈ જોગવાઈને લઈને છે તે અંગે કોઈ વાત કરવામાં આવી રહી નથી. સંસદમાં જોરદાર ચર્ચા આ મુદ્દે થઈ હતી. ચર્ચા બાદ કાનુન બનાવવામાં આવ્યું છે. હવે બિનજરૂરી હોબાળો કરવામાં આવી રહ્યો છે. લોકતંત્રમાં વિશ્વાસ કરવાનો દાવો કરે છે પરંતુ બિનજરૂરીરીતે દબાણ લાવવામાં આવે છે. સુપ્રીમ કોર્ટમાં આની સામે વિરોધી લોકો દ્વારા અપીલ કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટે ચાર સપ્તાહની મહેતલ સરકારને જવાબ આપવા માટે આપી છે. સમગ્ર લોકશાહી પ્રક્રિયા યોગ્ય રીતે આગળ વધી રહી છે પરંતુ ધરણા પર બેઠેલા લોકો વિરોદ કરી રહ્યા છે. બાળકોને સ્કુલ મોકલવામાં આવી રહ્યા નથી.

### ગુજરાતી ફસાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પિતા શશિકુમારે ઉમેર્યું કે, મારી દીકરી વુહાનની હુબેઈ યુનિવર્સિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરે છે. જ્યાં તેમને ભોજન અને પાણી મળતુ નથી. તેઓને હોસ્ટેલમાંથી નીકળવા દેતા નથી. તેની સાથે ગુજરાતના ૨૦ વિદ્યાર્થીઓ ફસાયેલા છે. અમારી સરકાર પાસે માંગણી છે કે, જલ્દી મારી દીકરી સહિતના વિદ્યાર્થીઓને પરત લાવવામાં આવે. શશિકુમાર જૈમને પીએમઓ, વિદેશ મંત્રી, ગૃહ મંત્રી, સીએમ અને સાંસદ કરેલા ટ્વિટમાં જણાવ્યું છે કે, મારી દીકરી શ્રેયા હુબેઈ યુનિવર્સિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરે છે અને તેની આસપાસમાં ૩૦૦ જેટલા ભારતીય સ્ટુડન્ટ અને ૧૦૦ ગુજરાતી સ્ટુન્ટ પણ ફસાયેલા છે.

### એર ઈન્ડિયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાબદારી રહેશે. બ્રાન્ડનેમ એર ઈન્ડિયા અને તેની એસોસિએટ્સ શરતોને નિર્ધારિત સમય ગાળા માટે સફળ બીડરોને જાળવવાની રહેશે. ૩૧મી માર્ચ બાદ જારી કરવામાં આવનાર રિક્વેસ્ટ ફોર પ્રપોઝલમાં આનો ઉલ્લેખ કરવામાં આવશે. મુંબઈમાં આઈકોનિક નરિમન પોઈન્ટ હેડક્વાર્ટર અને કોનોટ પેલેસ નજીક દિલ્હીમાં હેડક્વાર્ટર ધરાવનાર એર ઈન્ડિયા લેવડદેવડના હિસ્સા તરીકે રહેશે નહીં. આ હેડક્વાર્ટર સરકારની પાસે જ રહેશે. સફળ રહેનાર બીડરોને કેટલાક વર્ષ સુધી ટ્રાન્ઝિક્શનના ગાળા દરમિયાન તેમનો ઉપયોગ કરવાની મંજુરી મળશે. કલા, પેઈન્ટિંગ, અન્ય વસ્તુઓની જાળવણીમાં એર ઈન્ડિયા રહેશે પરંતુ ટ્રાન્ઝિક્શનના ભાગરુપે આ વસ્તુઓ રહેશે નહીં. પ્રથમ પ્રયાસમાં નિષ્ફળતા મળ્યા બાદ તેનાથી બોધપાઠ લઈને આ વખતે એર ઈન્ડિયાના વેચાણને લઈને ચાવીરુપ ફેરફારો કરવામાં આવ્યા છે.

# ઉવારસદ-પ્રાંતિયામાં જુગાર રમતા શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક આવેલા અડાલજ પોલીસે ઉવારસદ ગામે તેમજ ડભોડા પોલીસે પ્રાંતિયામાં રેઈડ પાડીને જુગારીઓને દબોચી લીધા હતી. બે બનાવમાં પોલીસે ૬ જુગારીઓને પકડી પાડી કુલ રૂ. ૬૨૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.જયારે પોલીસને રેઈડ પગલે બે જુગારી ભાગી છુટવામાં સફળ રહ્યા છે. પોલીસે તમામ સામે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામની મોટી ભાગોળ ખાતે ખુલ્લામાં જુગાર રમાતો હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. જેને પગલે અડાલજ પોલીસે રેઈડ કરીને જાહેરમાં જુગાર રમતા રસીક વિહાભાઈ રાવળ, બાબુ રમેશભાઈ રાવળ પોલીસના હાથે પકડાઈ ગયા હતા. પોલીસની રેઈડને પગલે જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જેમાં સંજય કાંતીભાઈ રાવળ અને ગોગાભાઈ કાળાભાઈ રાવળ નાસી છુટવામાં સફળ રહ્યા હતા. અડાલજ પોલીસે દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન કુલ રૂ.૨૫૮૦ રોકડા જપ્ત કર્યા હતા. અડાલજ પોલીસે તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી ફરાર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

જયારે બીજા બનાવમાં પ્રાંતિયા ગામે બળીયાદેવ મંદિરની પાછળ જુગાર રમતા ચાર શકુનીઓ ઝડપાયા હતા. ડભોડા પોલીસ મથકના કોન્સ્ટેબલ કિરણકુમારને બાતમી મળી હતી, જેને પગલે પોલીસે રેઈડ પાડી હતી. પોલીસે પકડેલા જુગારીઓમાં ગામના રાજેશ પ્રતાપજી ઠાકોર (પરબડી વાસ) કાળાજી મંગાઠી ઠાકોર (બાવીસીયો વાસ), બુધાજી આતાજી ઠાકોર (બાવીસીયો વાસ) તેમજ મહાદેવપુરા વાસમાં રહેતા રઈજી ઉર્ફે રૂમાલજી કેશાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૭૦૦ રૂપીયા જપ્ત કરીને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# ડીસા ગાંધીચોક ખાતે ધારાસભ્ય તેમજ હાઈસ્કૂલ ખાતે પાલિકા પ્રમુખે તિરંગો લહેરાવ્યો

## ધારાસભ્ય દ્વારા વિકાસ કામો બતે શહેરીજનોને વાકેફ કરાયા

૭૧ મા પ્રજાસત્તાક દિવસની સમગ્ર દેશમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેના ભાગરૂપે ડીસામાં પણ વર્ષો જુના ગાંધી ચોક ખાતે જાગૃત ધારાસભ્ય શશીકાન્ત પંડ્યા અને એસ.સી .ડબ્લ્યુ. હાઈસ્કૂલ



ખાતે પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળીના હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શશીકાંત પંડ્યા દ્વારા ડીસા તાલુકામાં કરેલા વિકાસ કામોથી ઉપસ્થિત ડીસા વાસીઓને માહિતીગાર કર્યા હતા આ ઉપરાંત આગામી દિવસોમાં અનેક વિકાસલક્ષી કામો પણ પૂર્ણ કરવાની વાત જણાવી હતી તેમજ પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી દ્વારા ૭૧ માં રાષ્ટ્રીય પર્વ નિમિત્તે દેશની આઝાદી અને રાષ્ટ્ર ભક્તિ વિશે વિદ્યાર્થીઓને માહિતીગાર કરી દેશના ઉજ્જવળ ભાવિના નિર્માણ માટે તૈયાર રહેવા જણાવ્યું હતું આ પ્રસંગે બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવ્યા હતા અને તેમને ઈનામ આપી પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા.



## મોડાસા શહેરના સાંઈ મંદિરમાં પ્રજાસત્તાક પર્વમાં “આસ્થા સાથે દેશભક્તિ” નો રંગ

૭૧માં પ્રજાસત્તાકદિનની સમગ્ર દેશમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જીલ્લાના અબાલ, વૃદ્ધ સૌ કોઈ દેશભક્તિના રંગે રંગાયા હતા. ત્યારે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા જાણીતા સાંઈ મંદિરે બિરાજતા સાંઈ બાબાને ત્રિરંગાના વાઘા પહેરાવાતા મંદિર પરિસરમાં ગણતંત્ર દિવસનો રંગ છવાયો હતો. ત્રિરંગા સ્વરૂપે સાંઈબાબાના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સાંઈ ભક્ત અતુલ જોશી અને મેહુલ જોશીના જણાવ્યા અનુસાર મંદિરના પૂજારી અને મિત્ર મંડળ દ્વારા અનોખા વાઘા સાથે મંદિર પરિસર સજાવતા “આસ્થા સાથે દેશભક્તિ”નો માહોલ સર્જાયો છે.

### આત્મનાદ ● ચોથા પાનાનું ચાલુ

અમાપ ભાવના રહેલી છે. રાષ્ટ્રપ્રેમ અને દેશદાઝ આવી ફિલ્મોથી વધુ બળવત્તર બનતી હોય છે. ‘તાનાજી - અનસંગ વોરીયર’ ફિલ્મ પછી એવું લાગી રહ્યું છે કે, બોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ઐતિહસિક પાત્રોને રજૂ કરતી કથાનક સાથે ટેકનિકલી હાઈ ક્વોલિટી ધરાવતી ફિલ્મોનો નવો દોર આરંભાશે એમાં બે મત નથી. સિનેમા માત્ર લોકરંજન કરતાં એક પગલું આગળ વધી દેશપ્રેમના કટોરા ભરી ભરીને પીવડાવે ત્યારે રાષ્ટ્રમાં નવસર્જનની પ્રક્રિયા આકાર લેતી હોય છે.

**ધબકાર :**

‘જ્યારે આત્મવિશ્વાસ બુલંદ હોય ત્યારે મોટો પહાડ પણ માટીનો ઢગલો લાગે.’

- શિવાજી મહારાજ